INDIAN PENAL CODE - 1860

ભારતીય ફોજદારી અધિનિયમ - 1860

પ્રકરણ

પ્રારંભ

1. અધિનિયમનું નામ અને તેના અમલનો વિસ્તાર
2. ભારતમાં થયેલા ગુનાની શિક્ષા
3. ભારત બહાર કરેલા પણ ભારતમાં જેની કાયદા મુજબ ઇન્સાફી કાર્યવાહી કરી શકાય તેવા ગુનાની શિક્ષા
4. રાજ્યક્ષેત્ર બહારના ગુનાને આ અધિનિયમ લાગુ પાડવા બાબત.
5. અમુક કાયદાઓને આ અધિનિયમ અસર કરશે નહીં

પ્રકરણ – 2

સામાન્ય સ્પષ્ટીકરણો

6. અધિનિયમમાંની વ્યાખ્યાઓ, અપવાદોને આધીન છે એમ સમજવું.
7. એકવાર સમજૂતી આપેલ શબ્દપ્રયોગનો ભાવ
8. જાતિ
9. વચન
10. પુરુષ/સ્ત્રી

VISIT…

LANZAROTE Caliente.COM

11. વ્યક્તિ

12. લોકો

13. રાણીની વ્યાખ્યા

14. સરકારી નોકર

15. બ્રિટિશ ઇન્ડિયાની વ્યાખ્યા

16. ભારત સરકારની વ્યાખ્યા

17. સરકાર

18. ભારત

19. ન્યાયાધીશ

20. ન્યાયાલય

21. રાજ્ય સેવક

22. જંગલ મિલકત

23. ગેરકાયદે લાભ/ગેરકાયદે નુકશાન

24. બદદાનતથી

25. કપટપૂર્વક

26. માનવાને કારણ

27. પત્નિ, કારકૂન નોકરના કબજામાંની મિલકત

28. ખોટી બનાવટ કરવા બાબત

29. દસ્તાવેજ

30. કિંમતી જામીનગીરી

31. વીલ

32. કૃત્યના ઉલ્લેખ કરતાં શબ્દોમાં ગેરકાયદેસરના કાર્યાલોપનો સમાવેશ થાય છે.

33. કૃત્ય/કાર્યલોપ

34. જુદી જુદી વ્યક્તિઓએ સામાન્ય ઈરાદો બર લાવવા કરેલ કૃત્યો

35. ગુનાહિત જાણકારી સાથે કે ઈરાદાથી કર્યું હોવાના કારણે એવું કૃત્ય ગુનાહિત હોય ત્યારે

36. અંશત:કૃત્યથી અને અંશત:કાર્યલોપથી નિપજેલું પરિણામ

37. જે કૃત્યથી ગુનો બનતો હોય તેવા જુદા જુદા કૃત્યો પૈકીનું એક કૃત્ય કરીને સાથ આપવા બાબત.

38. ગુનાહિત કૃત્યમાં સંડોવાયેલી વ્યક્તિઓ જુદા જુદા ગુનાઓ માટે દોષિત હોઈ શકે.

39. સ્વેચ્છાપૂર્વક

40. ગુનો

41. ખાસ કાયદો

42. સ્થાનિક કાયદો

43. ગેરકાયદેસર/કરવા માટે કાયદેસર બાંધવા બાબત.

44. ઈજા

45. જીવન

46. મૃત્યુ

47. પશુ

48.વહાણ

49.વર્ષ/મહિનો

50. કલમ

51. સોગંદ

52. શુદ્ધબુદ્ધિ

પ્રકરણ – ૩

શિક્ષા

53. શિક્ષા

54. મોતની સજા હળવી કરવા બાબત

55. આજીવન કેદની સજા હળવી કરવા બાબત.

56. યુરોપિયનો તથા અમેરિકનોને કઠોર પરિશ્રમની સજા, દસ વર્ષથી વધુ પરંતુ આજીવન કેદ ન હોય તેટલી મુદતની સજા સંબંધી.

57. શિક્ષાની મુદતના ભાગો

58. દેશનિકાલની સજા પામેલા ગુનેગારોની દેશનિકાલ કરવામાં ન આવે ત્યાં સુધી કેવી રીતે તજવીજ કરવી તે બાબત

59. રદ કરેલી છે.

60. (કેદના અમુક કેસોમાં) બધી અથવા અંશતઃ સજા સખત અથવા સાદી કરી શકાશે.

61. મિલ્કત જપ્ત કરવા માટે સજા

62. મોત, દેશનિકાલ અથવા કેદની શિક્ષાને પાત્ર ગુનેગારોના સંબંધમાં મિલ્કતની જપ્તી

63. દંડની રકમ

64. દંડ ન ભરાય તો કેદની સજા

65. કેદની અને દંડની શિક્ષાને પાત્ર હોય ત્યારે દંડ ન ભરાય તો કેદની મુદત

66. દંડ ન ભરાય તો કેદની સજા

67. ગુનો માત્ર દંડની શિક્ષાને પાત્ર હોય ત્યારે દંડ ન ભરાય તો કેદની મુદત

68. દંડ ભરી આપતા કેદનો અંત આવવા બાબત

69. દંડનો પ્રમાણસરનો ભાગ આપતા કેદનો અંત આવવા બાબત.

70. છ વર્ષની અંદર અથવા કેદની મુદત દરમિયાન દંડ વસુલ કરી શકાય મૃત્યુ થતા મિલ્કત બોજામાંથી મુક્ત નહીં થાય

71. કેટલાંક ગુના મળીને બનેલા ગુનાની શિક્ષાની માર્યાદા

72. કેટલાંક ગુનાઓ પૈકી એકને માટે દોષિત ઠરેલી વ્યક્તિ તે કયા ગુના માટે દોષિત છે એ વિશે શંકા હોવાના ફેંસલામાં જણાવ્યું હોય ત્યારે તેને કરવાની શિક્ષા.

73. એકાંત કેદ

74. એકાંત કેદની મુદત

75. અગાઉ દોષિત ઠર્યા પછી પ્રકરણ – 12 અથવા પ્રકરણ – 17 હેઠળ અમુક ગુનાઓ માટે વધારે શિક્ષા.

પ્રકરણ -4

સામાન્ય અપવાદો

76. કાયદાથી બંધાયેલી અથવા હકીકત અંગેની ભૂલને કારણે પોતાને કાયદાથી બંધાયેલી માનતી વ્યક્તિએ કરેલું કૃત્ય.

77. ન્યાયિક રીતે કાર્ય કરતા ન્યાયાધીશનું કૃત્ય

78. કાયદાથી માન્ય હોય અથવા હુકમ અનુસાર કરેલું કૃત્ય

79. કાયદાથી માન્ય હોય અથવા હકીકત અંગેની ભૂલને કારણે પોતે કાયદાથી માન્ય હોવાનું માનતી હોય તેવી વ્યક્તિએ કરેલું કૃત્ય

80. કાયદેસર કૃત્ય કરવામાં અકસ્માત.

81. જે કૃત્યથી હાનિ થવાનો સંભવ હોય તેવું પણ ગુનાહિત ઈરાદા વિના અને બીજી હાનિ થતી અટકાવવા કરેલું કૃત્ય.

82. સાત વર્ષથી અંદરના બાળકનું કૃત્ય

83. સાતથી વધુ અને બાર વર્ષથી ઓછી વયના અપરીપક્વ સમજવાળા બાળકનું કૃત્ય

84. અસ્થિર મગજની વ્યક્તિનું કૃત્ય

85. પોતાની ઈચ્છા વિરૂદ્ધ કરાયેલા નશાના કારણે નિર્ણય ન કરી શકે તેવી વ્યક્તિએ કરેલ કૃત્ય

86. નશામાં હોય તેવી વ્યક્તિએ કરેલ ગુનો જેમાં ખાસ ઈરાદો ન હોય અથવા જાણકારી હોવી આવશ્યક છે.

87. સંમતિથી કરેલ કૃત્ય જેનાથી મૃત્યુ નિપજાવવાનો કે મહાવ્યથા કરવાનો ઈરાદો ન હોય અથવા તેમ થવાનો સંભવ હોવાની જાણ ન હોય.

88. મૃત્યુ નિપજાવવાનો ઈરાદો ન હોય તેવું કોઈ વ્યક્તિના ફાયદા માટે તેની સંમતિથી શુદ્ધબુદ્ધિથી કરેલું કૃત્ય.

89.કોઈ બાળક અથવા વ્યક્તિ ફાયદા માટે તેના વાલીને અથવા વાલીની સમાંતિથી શુદ્ધબુદ્ધિથી કરેલું કૃત્ય

90. સંમતિ, જે ભયના લીધે અથવા ખોટા ખ્યાલના લીધે આપી હોવાનું જાણવામાં હોય

91. હાનિ થયા વિના પણ જે કૃત્યો ગુનો બને છે તે કૃત્યો બાકાત રાખવા બાબત.

92.કોઈ વ્યક્તિના ફાયદા માટે તેની સંમતિ વિના શુદ્ધબુદ્ધિથી કરેલ કૃત્ય

93.શુદ્ધબુદ્ધિથી જણાવેલી બાબત

94. ધમકીથી જે કરવાની કોઈ વ્યક્તિને ફરજ પાડી હોય તે કૃત્ય

95. જેથી નજીવી હાનિ થાય તેવું કૃત્ય.

ખાનગી બચાવનો હક્ક

96. ખાનગી બચાવમાં કરેલા કૃત્યો

97. શરીર અને મિલકતના ખાનગી બચાવનો હક્ક

98. અસ્થિર મગજની વગેરે વ્યક્તિઓના કૃત્ય સામે ખાનગી બચાવવાનો હક્ક

99. કયા કૃત્યો સામે ખાનગી બચાવનો હક્ક નથી.

100.એવો હક્ક મૃત્યુ સિવાયની કોઇ હાનિ કરવા સુધી કયારે પહોંચે છે.

101.એવો હક મૃત્યુ સિવાયની કોઈ હાનિ કરવા સુધી કયારે પંહોચે છે .

102.શરીરના ખાનગી બચાવના હકની શરૂઆત અને તે ચાલુ રહેવા બાબત .

103.મિલકતના ખાનગી બચાવનો હક મૃત્યુ નિપજાવવા સુધી કયારે પંહોચે છે

104.એવો હક મૃત્યુ સિવાયની કોઈ બીજી હાનિ કરવા સુધી કયારે પંહોચે છે .

105.મિલ્કતના ખાનગી બચાવના હકની શરૂઆત અને તે ચાલુ રહેવા બાબત

106.નિર્દોષ વ્યકિતને હાનિ થવાનું જોખમ હોય ત્યારે જીવલેણ હુમલા સામે ખાનગી બચાવનો હક.

પ્રકરણ – 5

દુષ્પ્રેરણ

107.કૃત્યુનુ દુષ્પ્રેરણ

108.દુષ્પ્રેરણ

ક. ભારત બહાર કરેલા ગુનાઓનું ભારતમાં દુષ્પ્રેરણ

109.દુષ્પ્રેરણ કરવાના પરિણામે કૃત્ય કરવામાં આવે તો અને તે માટે શિક્ષાની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે દુષ્પ્રેરણની શિક્ષા .

110.દુષ્પ્રેરિત વ્યક્તિ, ઈરાદો હોય તેથી જુદા ઈરાદાથી કૃત્ય કરે તો દુષ્પ્રેરણની શિક્ષા .

111.એક કૃત્યનું દુષ્પ્રેરણ કર્યું હોય અને તેથી જુદું કૃત્ય થાય ત્યારે દુષ્પ્રેરકની જવાબદારી

112.દુષ્પ્રેરીત કૃત્ય અને થયેલા કૃત્ય માટે દુશ્પ્રેરક એકત્રિત શિક્ષાને પાત્ર કયારે ગણાય.

113.દુશ્પ્રેરીત કૃત્યથી દુષ્પ્રેરક ધાર્યું હોય તેથી જુદા પરિણામ માટે દુષ્પ્રેરકની જવાબદારી

114.ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી

115.મોત અથવા આજીવન કેદની શિક્ષાને પાત્ર ગુનામાં દુષ્પ્રેરણ જો ગુનો કરવામાં આવ્યો ન હોય તો

116.કેદની શિક્ષાને પાત્ર ગુનાનું દુષ્પ્રેરણ, જો ગુનો કરવામાં આવ્યો ન હોય તો

117.લોકોનો અથવા દસથી વધુ વ્યક્તિઓને ગુના કરવામાં દુષ્પ્રેરણ કરવા બાબત

118.મોત અથવા આજીવન કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની યોજના છુપાવવા બાબત

119.જે ગુનો થતો અટકાવવાની પોતાની ફરજ હોય તે ગુનો કરવાની યોજના રાજ્ય સેવકે છુપાવવા બાબત

120.કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની યોજના છુપાવવા બાબત

પ્રકરણ -5 – ક

ગુનાહિત કાવતરૂ

ક ગુનાહિત કાવતરાની વ્યાખ્યા

ખ ગુનાહિત કાવતરાની શિક્ષા

પ્રકરણ – 6

રાજ્ય વિરુદ્ધના ગુના

121.ભારત સરકાર સામે લડાઈ કરવા અથવા લડાઈ કરવાની કોશિશ કરવા અથવા લડાઈ કરવાનું દુષ્પ્રરણ કરવા બાબત

ક - કલમ 121 મુજબ શિક્ષાને પાત્ર ગુના કરવાનું કાવતરું

122.ભારત સરકાર સામે લડાઈ કરવાના ઈરાદાથી હથિયારો, વગેરે એકઠા કરવા બબત

123.લડાઈની યોજનામાં સરળતા કરી આપવાના ઈરાદાથી તે છુપાવવા બાબત

124.કાયદેસરની કોઈ સત્તા વાપરવાની ફરજ પડવાના અથવા વાપરવામાં અવરોધ કરવાન ઈરાદાથી રાષ્ટ્પતિ, રાજ્યપાલ, વગેરે ઉપર હુમલો કરવા બાબત

ક – રાજદ્રોહ

125.ભારત સરકાર સાથે મૈત્રીનો સંબંધ ધરાવતી કોઈ એશિયાઇ સત્તા સામે લડાઈ કરવા બાબત

126.ભારત સરકાર સાથે સુલેહનો સંબંધ ધરાવતી સત્તાના રાજ્યક્ષેત્રમાં લૂંટફાટ કરવા બાબત

127.કલમો 125 અને 126 માં જણાવેલી લડાઈ અથવા લૂંટફાટથી મેળવેલી મિલ્કત રાખવા બાબત

128.રાજ્ય સેવકે સ્વેચ્છાપૂર્વક રાજ્ય કેદી કે યુદ્ધ કેદીને નાસી જવા દેવા બાબત

129.રાજ્ય સેવકની ગફલતથી એવા કેદીને આસી જવા બાબત

130.એવા કેદીને નાસી જવામાં મદદ કરવા, છોડાવવા કે આશરો આપવા બાબત

પ્રકરણ- 7

ભુમીદળ, નૈકાદલ અને હવાઈદળ સબંધી ગુના

131.બળવાનું દુષ્પ્રેરણ કરવા અથવા કોઈ સૈનિક, નાવિક કે વિમાનોને પોતાની ફરજમાંથી ભ્રષ્ટ કરવાની કોશિશ કરવા બાબત

132.બળવો કરવાનું દુષ્પ્રેરણ, જો તેના પરિણામે બળવો થાય તો

133.કોઈ સૈનિક, નાવિક કે વિમાનીને તેના ઉપરી અધિકારી પોતાની હોદાની ફરજ બજાવતા હોય ત્યારે તેના ઉપર હુમલો કરવાનું દુષ્પ્રેરણ કરવા બાબત

134.એવા હુમલાનું દુષ્પ્રેરણ જો હુમલો થાય તો

135.સૈનિક, નાવિક કે વિમાનીને નાસી જવાનું દુષ્પ્રેરણ કરવા બાબત

136.નાસી ગયેલાને આશરો આપવા બાબત

137.માસ્ટરની ગફલતથી વેપારી વહાણમાં નાસી જનાર છુપાયો હોય તો

138.રદ

139.અમુક અધિનિયમોને આધિન વ્યક્તિઓ

140.સૈનિક, નાવિક અથવા વિમાનીનો પોષક પહેરવા અથવા તે વાપરતો હોય તેવું ટોકન રાખવા બાબત

પ્રકરણ – 8

જાહેર સુલેહ શાંતિ વિરુદ્ધના ગુના

141.કાયદા વિરુદ્ધના મંડળી

142.કાયદા વિરુદ્ધની મંડળીના સભ્ય હોવા બાબત

143.શિક્ષા

144.પ્રાણઘાતક હથિયાર સાથે સજ્જ થઈને કાયદા વિરુદ્ધની મંડળીમાં સામેલ થવા બાબત

145.કાયદા વિરુદ્ધની મંડળીને વિખેરાઈ જવાની હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા છતા તેમાં જોડાવા અથવા ચાલુ રહેવા બાબત

146.હુલ્લડ કરવું

147.હુલ્લડ કરાવા માટે શિક્ષા

148.પ્રાણઘાતક હથિયારથી સજ્જ થઈને હુલ્લડ કરવા બાબત

149.કાયદા વિરુદ્ધની મંડળીનો દરેક સભ્ય સમાન ઉદેશ પાર પાડવામાં કરેલા ગુના માટે દોષિત છે.

150.કાયદા વિરુદ્ધની મંડળીમાં સામેલ થવા માટે વ્યક્તિઓને ભાડે રાખવા અથવા ભાડે રખાય તેમાં દુઃલક્ષ્ય સેવવા બાબત

151.પાંચ અથવા વધુ વ્યક્તિઓની મંડળીને વિખેરાઈ જવાનો હુકમ થયા પછી જાણી જોઈને તે મંડળીમાં ભળવા અથવા તેમાં ચાલુ રહેવા બાબત

152.હુલ્લડ વગેરે અટકાવવાનું કામ કરતા હોય ત્યારે રાજય સેવક ઉપર હુમલો કરવા અથવા તેને અડચણ કરવા બાબત

153.હુલ્લડ કરવાના ઈરાદાથી નાહક ઉશ્કેરાટ પેદા કરવા બાબત. હુલ્લડ થાય તો/હુલ્લડ ન થાય તો

154.જે જમીન ઉપર કાયદા વિરુદ્ધની મંડળી હોય તેનો માલિક અથવા ભોગવટો કરનાર

155.જે વ્યક્તિના ફાયદા માટે હુલ્લડ કરવામાં આવ્યો હોય તેની જવાબદારી

156.જે માલિક અથવા ભોગવટો કરનારના ફાયદા માટે હુલ્લડ કરવામાં આવ્યો હોય તેના એજન્ટની જવાબદારી

157.રદ

158.કાયદા વિરુદ્ધની મંડળી પાસે પૈસા આપવાના કરીને રાખેલી વ્યક્તિઓને આશરો આપવા બાબત.

159.બખેડો

160.બખેડો કરવા માટે શિક્ષા

પ્રકરણ – 9

રાજ્ય સેવકે કરેલા અથવા તેમની સાથે સબંધ ધરાવતા ગુના

161.થી 165-ક સને 1988 ના 49 માં અધિનિયમની કલમ – 31 થી રદ કરેલ છે

162.રદ

163.રદ

164.રદ

165.રદ

166.કોઈ વ્યક્તિને નુકશાન પહોચાડવાના ઈરાદાથી રાજ્ય સેવકે કાયદાની અવજ્ઞા કરવા બાબત

167.હાનિ પહોંચાડવાના ઈરાદાથી રાજ્ય સેવકે ખોટા દસ્તાવેજ ઘડવા બાબત

168.રાજ્ય સેવકે ગેરકાયદેસર રીતે વેપાર કરવા બાબત

169.રાજ્ય સેવકે ગેરકાયદેસર રીતે મિલ્કત ખરીદવા કે તેની હરાજીમાં માંગણી કરવા બાબત

170.રાજ્ય સેવકનું ખોટું નામ ધારણ કરવા બાબત

171.રાજ્ય સેવક પહેરતો હોય તેવો પોષાક કપટી ઈરાદાથી પહેરવા અથવા તે રાખતો હોય તેવું ટોકન રાખવા બાબત

પ્રકરણ – 9 – ક

ચુંટણીઓ સબંધી ગુના

ક – ઉમેદવાર ચુંટણી વિષયક હકકની વ્યાખ્યા

ખ – લાંચ

ગ – ચૂંટણીમાં ગેરવાજબી લાગવગ

ઘ – ચુંટણીમાં ખોટું નામ ધારણ કરવા બાબત

ચ – લાંચ માટે શિક્ષા

છ – ચુંટણીમાં ગેરવાજબી લાગવગ માટે અથવા ખોટું નામ ધારણ કરવા માટે શિક્ષા

જ – કોઈ ચૂંટણી સબંધમાં ખોટું કથન

ઝ – કોઈ ચૂંટણી સબંધમાં નાણાની ગેરકાયદેસર ચુકવણી

ટ – ચૂંટણીનો હિસાબ ન રાખવા બાબત

પ્રકરણ 10

રાજ્ય સેવકોના કાયદેસરના અધિકારનો તિરસ્કાર કરવા વિષે

172.સમન્સની બજવણીથી અથવા અન્ય કાર્યવાહીથી બચવા માટે નાસી જવા બાબત

173.સમન્સની બાજવાની અથવા વીજી કાર્યવાહી અથવા તેની પ્રસિદ્ધિ અટકાવવા બાબત

174.રાજ્ય સેવકનો હુકમ ન માનીને ગેરહાજર રહેવા બાબત

ક – 1974ના રજા અધિનિયમોની કલમ – 82 હેઠળ જાહેરનામાના જવાબમાં હાજર ન થવું

175.દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડઝ રજૂ ન કરવા માટે કાયદેસર રીતે બંધાયેલી વ્યક્તિએ રાજ્ય સેવક સમક્ષ દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડઝ રજૂ ન કરવા બાબત

176.નોટીસ કે માહિતી ન આપવા કાયદેસર રીતે બંધાયેલી વ્યક્તિએ રાજ્ય સેવકને નોટીસ કે માહિતી ન આપવા બાબત

177.ખોટી માહિતી પૂરી પાડવા બાબત

178.રાજ્ય સેવક સોગંદ અથવા પ્રતિજ્ઞા લેવા વિધિસર ફરમાવે ત્યારે એમ કરવાનું ના પાડવા બાબત

179.પ્રશ્ન પૂછવાનો અધિકાર ધરાવતા રાજ્ય સેવકને જવાબ આપવાનો ના પાડવા બાબત

180.કથન ઉપર સહી કવાની ના પાડવા બાબત

181.કોઈ રાજ્ય સેવક પાસે અથવા સોગંદ કે પ્રતિજ્ઞા લેવડાવવાનો અધિકાર ધરાવતી વ્યક્તિ પાસે સોગંદ કે પ્રતિજ્ઞા ઉપર ખોટું કથાન કરવા બાબત

182.કોઈ વ્યક્તિને હાનિ પહોંચે એ રીતે કોઈ રાજ્ય સેવક પાસે તેની કાયદેસરની સત્તાનો ઉપયોગ કરાવવાના ઈરાદાથી ખોટી માહિતી આપવા બાબત

183.કોઈ રાજ્ય સેવકના કાયદેસર અધિકારથી મિલકત લઇ લેવાતી હોય ત્યારે તેની સામનો કરવા બાબત

184.રાજ્ય સેવકના કાયદેસરના અધિકારથી વેચવા કાઢેલી મિલકતના વેચાણમાં અડચણ કરવા બાબત

185.રાજ્ય સેવકના અધિકારથી વેચવા કાઢેલી મિલકતના ગેરકાયદેસર ખરીદવા અથવા તેની હરાજીમાં માંગણી કરવા બાબત

186.જાહેર કર્યો બજાવવામાં રાજ્ય સેવકને અડચણ કરવા બાબત

187.રાજ્ય સેવકને સહાય કરવા કાયદાથી બંધાયેલ હોય ત્યારે તેને સહાય ન કરવા બાબત

188.રાજ્ય સેવકે રીતસર જાહેર કરેલ હુકમનું પાલન ન કરવા બાબત

189.રાજ્ય સેવકને હાનિ પહોચાડવાની ધમકી આપવા બાબત

190.કોઈ રાજ્ય સેવકને રક્ષણ માટે અરજી કરતા અટકે તે માટે કોઈ વ્યક્તિને હાનિ પહોચાડવાની ધમકી આપવા બાબત

પ્રકરણ – 11

ખોટા પુરાવાના અને જાહેર ન્યાય વિરુદ્ધના ગુના

191.ખોટો પુરાવો આપવા બબત.

192.ખોટો પુરાવો ઉભો કરવા બાબત

193.ખોટો પુરાવા માટે શિક્ષા

194.મોતીની શિક્ષાને પાત્ર ગુના માટે દોષિત ઠરાવવાના ઈરાદાથી ખોટો પુરાવો આપવા અથવા ઉભો કરવા બાબત

195.આજીવન કેદની અથવા કેદની શિક્ષાને પાત્ર ગુના માટે દોષિત ઠરાવવાના ઈરાદાથી ખોટો પુરાવો આપવા અથવા ઉભો કરવા બાબત

196.જે પુરાવો ખોટો હોવાનું જાણવામાં હોય તેનો ઉપયોગ કરવા બાબત

197.ખોટું પ્રમાણપત્ર કાઢી આપવા અથવા તેની ઉપર સહી કરવા બાબત

198.જે પ્રમાણપત્ર ખોટું હોવાનું જાણવામાં હોય તેનો સાચા તરીકે ઉપયોગ કરવા બાબત

199.કાયદા મુજબ પુરાવા તરીકે લઈ શકાય તેવા એકરારમાં કરેલું ખોટું કથન

200.એવા એકરાર ખોટો હોવાનું જાણવા છતા તેનો સાચા એકરાર તરીકે ઉપયોગ કરવા બાબત

201.ગુનેગારને બચાવવા માટે ગુનાનો પુરાવો ગુમ કરવા અથવા ખોટી માહિતી આપવા બાબત

202.ગુનાની માહિતી આપવા માટે બંધાયેલી વ્યક્તિએ ઈરાદાપૂર્વક માહિતી ન આપવા બાબત

203.થયેલા ગુના અંગે ખોટી માહિતી આપવા બાબત

204.પુરાવા તરીકે કોઈ દસ્તાવેજ રજૂ થતો અટકાવવા માટે તેનો નાશ કરવા બાબત

205.કોઈ દાવામાં અથવા ફોજદારી કામમાં કોઈ કૃત્ય કરવા અથવા કાર્યવાહી કરવ માટે ખોટું નામ ધારણ કરવા બાબત

206.કોઈ મિલ્કતને જપ્ત થયેલ મિલ્કત તરીકે અથવા હુકમ બજવણીમાં કબજે લેવાતી અટકાવવાના મત્તે તેને કપટપૂર્વક દૂર કરવા કે છૂપાવવા બાબત

207.કોઈ મિલ્કત જપ્ત થયેલી મિલ્કત તરીકે અથવા હુકમ બજવણીમાં કબજે લેવાની અટકાવવા માટે તે અંગે કપટપૂર્વક હુકમનામું થવા દેવા બાબત

208.લેણી ન હોય તે રકમ માટે કપટપૂર્વક હુકમનામું થવા દેવા બાબત

209.ન્યાયાલયમાં બદદાનતથી ખોટો દવો કરવા બાબત

210.લેણી થતી ન હોય તે રકમ કપટપૂર્વક હુકમનામું મેળવવા બાબત

211.હાનિ પહોંચે એવા ઈરાદાથી ગુનાનું ખોટું તહોમત મુકવા બાબત

212.ગુનેગારને આશરો આપવા બાબત

213.ગુનેગારને શિક્ષાથી બચાવવા માટે બક્ષીસ વગેરે લેવા બાબત

214.ગુનેગારને બચાવવાના બદલામાં બક્ષીસ આપવા અથવા મિલ્કત પરત કરવા બાબત

215.ચોરાયેલી મિલ્કત વગેરે પાછી મેળવવામાં મદદ કરવા બદલ બક્ષીસ લેવા બાબત

216.કસ્ટડીમાંથી નાસી ગયેલા અથવા જેને ગિરફતાર કરવાનો હુકમ થયો હોય તે ગુનેગારને આશરો આપવા બાબત

ક - લુટારાઓ અથવા ધાડપાડુઓને આશરો આપવા માટે શિક્ષા

ખ - કલમો – 212, 216 અને 216 – ક માં આશરો એ શબ્દની વ્યાખ્યા

217.કોઈ વ્યક્તિને શિક્ષામાંથી બચાવવાના અથવા કોઈ મિલ્કતને જપ્ત થતી બચાવવાના ઈરાદાથી રાજ્ય સેવકે કાયદાના આદેશની અવજ્ઞા કરવા બાબત

218.કોઈ વ્યક્તિને શિક્ષામાંથી બચાવવાના અથવા કોઈ મિલ્કતને જપ્ત થતી બચાવવાના ઈરાદાથી રાજ્ય સેવકે ખોટું રેકર્ડ અથવા લખાણ બનાવવા બાબત

219.ન્યાયિક કાર્યવાહીમાં રાજ્ય સેવકે ભ્રસ્ટતાપૂર્વક કાયદાથી વિપરીત રીપોર્ટ વગેરે કરવા બાબત

220.પોતે કાયદાથી વિપરીત રીતે વર્તે છે એમ જાણીતી હોય એવી અધિકાર ધરાવતી વ્યક્તિએ કોઈ ઈન્સાફી કાર્યવાહી માટે અથવા અટકાયતમાં મોકલવા બાબત

221.ગિરફ્તારી કરવા માટે બંધાયેલ રાજ્ય સેવકે ઈરાદાપૂર્વક ગિરફ્તાર ન કરવા બાબત

222.સજા પામેલી અથવા કાયદેસર રીતે કમીટ થયેલ વ્યક્તિને ગિરફ્તાર કરવા માટે બંધાયેલ રાજ્ય સેવકે ઈરાદાપૂર્વક ગિરફ્તાર ન કરવા બાબત

223.રાજ્ય સેવકે ગફલતાથી કોઈને અટકાયતમાંથી અથવા કસ્ટડીમાં થી નાસી જવા દેવા બાબત

224.કોઈ વ્યક્તિએ પોતાની કાયદેસરની ગિરફ્તારીનો સામનો કરવા અથવા તેમાં હરકત કરવા બાબત

225.અન્ય વ્યક્તિની કાયદેસરની ગિરફ્તારીનો સામનો કરવા અથવા તેમાં હરકત કરવા બાબત

ક - બીજી કોઈ રીતે જોગવાઈ કરવામાં આવી ન હોય તેવા દાખલાઓમાં રાજ્ય સેવકે ગિરફ્તાર ન કરવા અથવા નાસી જવા દેવા બાબત

ખ - બીજી રીતે જોગવાઈ કરવામાં આવી ન હોય તેવા દાખલાઓમાં કાયદેસરની ગિરફ્તારીનો સામનો કરવા અથવા તેમાં હરકત કરવા બાબત અથવા નાસી જવા કે છોડાવવા બાબત

226.દેશનિકાલની સજામાંથી કાયદા વિરૂદ્ધ પરત

227.શિક્ષા માફીની શરતનો ભંગ

228.રાજ્ય સેવક ન્યાયિક કાર્યવાહી કરતા હોય ત્યારે તેનું ઈરાદાપૂર્વક અપમાન કરવા અથવા તેમાં વિક્ષેપ કરવા બાબત

229.કોઈ ‘જયુરર’ અથવા ‘એસેસરનું’ ખોટું નામ ધારણ કરવા બાબત

ક - વ્યક્તિ જે જામીન કે ખત દ્વારા મુક્ત થઈ હોય તે અદાલતમાં હાજર થવા નિષ્ફળ જાય

પ્રકરણ – 12

સિક્કા અને સરકારી સ્ટેમ્પ સબંધી ગુના

230.સિક્કાની વ્યખ્યા

231.ખોટા સિક્કા બનાવવા બાબત

232.ખોટા ભારતીય સિક્કા બનાવવા બાબત

233.ખોટા સિક્કા બનાવવા માટે સાધન બનાવવા કે વેચવા બાબત

234.ખોટા ભારતીય સિક્કા બનાવવા માટેનું સાધન બનાવવા બાબત અથવા વેચવા બાબત

235. ખોટા સિક્કા બનાવવા માટે ઉપયોગમાં લેવાના હેતુથી સાધન અથવા સામગ્રી કબજામા રાખવા બાબત

236.ભારત બહાર ખોટા સિક્કા બનાવાનું ભારતમાં દુષ્પ્રેરણ

237.ખોટા સિક્કાની આયાત અથવા નિકાસ કરવા બાબત

238.ખોટા ભારતીય સિક્કાની આયાત અથવા નિકાસ કરવા બાબત

239.સીક્કા ખોટા છે એવી જાણ સાથે પોતાના કબજામાં હોય તે સિક્કો બીજાને આપવા બાબત

240.ભારતીય સિક્કા ખોટો છે એવી જાણ સાથે પોતાના કબજામાં હોય તે સિક્કો બીજાને આપવા બાબત

241.પ્રથમ કબજામાં આવે ત્યારે જે ખોટા હોવાનું આપનાર વ્યક્તિ જાણતી ન હોય એવો સિક્કો ખરા તરીકે આપવા બાબત

242.પોતાના કબજામાં આવ્યો ત્યારે તે ખોટો હોવાનું પોતે જાણતી હોય એવી વ્યક્તિએ કોઈ ખોટો સિક્કો પોતાના કબજામાં રાખવા બાબત

243.પોતાના કબજામાં આવ્યો ત્યારે તે ખોટો હોવાનું પોતે જાણતી હોય એવી વ્યક્તિએ કોઈ ભારતીય સિક્કો પોતાના કબજામાં રાખવા બાબત

244.ટંકશાળામાં નોકરી કરતી વ્યક્તિએ કાયદાથી નક્કી કરેલ વજન અથવા મીશ્રણથી જુદા વજનના મિશ્રણના સિક્કા બનાવવા બાબત

245.ટંકશાળામાંથી સિક્કા પાડવાનું સાધન ગેરકાયદેસર રીતે લઇ જવા બાબત

246.કટપૂર્વક અથવા બદદાનતથી સિક્કાનું વજન ઓછું કરવા અથવા તેના મિશ્રણમાં ફેરફાર કરવા બાબત

247.કટપૂર્વક અથવા બદદાનતથી ભારતીય સિક્કાનું વજન ઓછું કરવા અથવા તેના મિશ્રણમાં ફેરફાર કરવા બાબત

248.કોઈ સિક્કો જુદા સિક્કા તરીકે ચલાવવાના ઈરાદાથી તેના દેખાવમાં ફેરફાર કરવા બાબત

249.કોઈ ભારતીય સિક્કો જુદા સિક્કા તરીકે ચલાવવાના ઈરાદાથી તેના દેખાવમાં ફેરફાર કરવા બાબત

250.પોતાના કબજામાં હોય તે સિક્કામાં ફેરફાર થયેલો છે એવી જાન સાથે તે બીજાને આપવા બાબત

251.પોતાના કબજામાં હોય તે ભારતીય સિક્કામાં ફેરફાર થયેલો છે એવી જાન સાથે તે બીજાને આપવા બાબત

252.કોઈ સિક્કો પોતાના કબજામાં આવ્યો ત્યારે તેમાં ફેરફાર થયો હોવાનું જાણતી હોય એવી વ્યક્તિએ તે સિક્કો પોતાના કબજામાં રાખવા બાબત

253.કોઈ ભારતીય સિક્કો પોતાના કબજામાં આવ્યો ત્યારે તેમાં ફેરફાર થયો હોવાનું જાણતી હોય એવી વ્યક્તિએ તે સિક્કા પોતાના કબજામાં રાખવા બાબત

254.કોઈ સિક્કો પ્રથમ પોતાના કબજામાં આવ્યો ત્યારે તેમાં ફેરફાર થયો હોવાનું આપનાર વ્યક્તિ જાણતી ન હોય તે સિક્કો ખરા તરીકે આપવા બાબત

255.બનાવટી સરકારી સ્ટેમ્પ બનાવવા બાબત

256.બનાવટી સરકારી સ્ટેમ્પ બનાવવા માટેના સાધન કે સામગ્રી કબજામાં રાખવા બાબત

257.બનાવટી સરકારી સ્ટેમ્પ બનાવવા માટેનું સાધન બનાવવા અથવા વેચવા બાબત

258.બનાવટી સરકારી સ્ટેમ્પનું વેચાણ

259.બનાવટી સરકારી સ્ટેમ્પ પોતાના કબજામાં રાખવા બાબત

260.કોઈ સરકારી સ્ટેમ્પ બનાવટી છે એમ જાણવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરવા બાબત

261.સરકારને નુકશાન કરવાના ઈરાદાથી સરકારી સ્ટેમ્પવાળા કોઈ પદાર્થ ઉપરથી લખાણ ભૂસી નાખવા અથવા કોઈ દસ્તાવેજ માટે વપરાયેલ સ્ટેમ્પ તેમાંથી કાઢી લેવા બાબત

262.કોઈ સરકારી સ્ટેમ્પ અગાઉ ઉપયોગમાં લેવાયો છે એવું જાણવા છતાં તેનો ફરી ઉપયોગ કરવા બાબત

263.સ્ટેમ્પનો ઉપયોગ થયો છે એમ દર્શાવતી કોઈ નિશાની છેકી નાખવા બાબત

ક - ખોટા સ્ટેમ્પનો પ્રતિબંધ

264.તોળવા માટેના ખોટા સાધનનો કપટપૂર્વક ઉપયોગ કરવા બાબત

265.ખોટા તોલાનો અથવા માપનો કપટપૂર્વક ઉપયોગ કરવા બાબત

266.ખોટા તોલ અથવા માપ કબજામાં રાખવા બાબત

267.ખોટા તોલા અથવા માપ બનાવવા અથવા વેચવા બાબત

પ્રકરણ – 14

(જાહેર આરોગ્ય, સલામતી, સગવડ, શિષ્ટાચાર, અને નિતીમતાને લગતા ગુના)

268.જાહેર ત્રાસદાયક કૃત્ય

269.જિંદગીને જોખમકારક રોગોનો ચેપ જે કૃત્યથી ફેલાવા સંભવ હોય એવું બેદરકારીભર્યું કૃત્ય

270.જિંદગીને જોખમકારક રોગોનો ચેપ જે કૃત્યથી ફેલાવા સંભવ હોય એવું દ્વેષપૂર્ણ કૃત્ય

271.કવોરન્ટિનના નિયમની અવજ્ઞા

272.વેચવા ધારેલી ખાવાની કે પીવાની વસ્તુમાં ભેળસેળ કરવા બાબત

273.ખાવાની કે પીવાની નુકશાનકારક વસ્તુઓ વેચવા બાબત

274.ઔષધિમાં ભેળસેળ કરવા બાબત

275.ભેળસેળ કરેલી ઔષધિઓ વેચવા બાબત

276.ઔષધિ હોય તેથી જુદા પ્રકારની ઔષધિ અથવા બનાવટ દવા તરીકે વેચવા બાબત

277.જાહેર ઝરાનું આથવા જળાશયનું પાણી ગંદુ કરવા બાબત

278.હવાને, તંદુરસ્તી માટે નુકશાનકારક થાય એવી કરવા બાબત

279.જાહેર રસ્તા પર બેકાળજીથી વહાણ ચલાવવા અથવા સવારી કરવા બાબત

280.બેકાળજીથી વહાણ ચલાવવા બાબત

281.ખોટો દીવો, નિશાની કે બોયું દેખાડવા બાબત

282.સલામતી ન હોય તેવા અથવા હદ ઉપરાંત ભાર ભરેલા વહાણમાં ભાડું લઈ કોઈ વ્યક્તિને જળમાર્ગ લઈ જવા બાબત

283.જાહેરમાર્ગ, ખુશ્કી કે તરી માર્ગમાં ભય ઉભો કરવા કે અડચણ કરવા બાબત

284.ઝેરી પદાર્થ અંગે બેદરકારી ભર્યું આચરણ

285.આગ અથવા સળગી ઉઠે તેવા પદાર્થ અંગે બેદરકારીભર્યું આચરણ

286.સ્ફોટક પદાર્થ અંગે બેદરકારભર્યું આચરણ

287.યંત્ર અંગે બેદરકારી ભર્યું આચરણ

288.મકાનો પાડી નાખવા અથવા તેની મરામત કરવા અંગે બેદરકારીભર્યું આચરણ

289.પશુઓ અંગે બેદરકારી ભર્યું આચરણ

290.અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તેવા કિસ્સામાં જાહેર ત્રાસદાયક કૃત્ય માટેની શિક્ષા

291.ત્રાસદાયક કૃત્ય બંધ કરવાનો મનાઈ હુકમ થયા પછી તે ચાલુ રાખવા બાબત

292.અશ્લીલ પુસ્તકો, વગેરેનું વેચાણ કરવા બાબત

293.તરૂણ વ્યક્તિને અશ્લીલ વસ્તુઓ વેચવા વગેરે બાબત

294.અસ્લીલ કૃત્યો અને ગીતો

ક - લોટરી કાર્યાલય રાખવા બાબત

પ્રકરણ – 19

ધર્મસબંધી ગુના

295.કોઈ વર્ગના લોકોના ધર્મનું અપમાન કરવા ઈરાદાથી કોઈ ધર્મસ્થાનની કરવા કે અપવિત્ર કરવા બાબત

ક - કોઈ વર્ગના લોકોના ધર્મનું અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને તેમની ધાર્મિક લાગણીઓને આઘાત પહોંચાડવાના ઈરાદાથી કરેલા હેતુપૂર્વક અને દ્વેષપૂર્ણ કૃત્યો.

296.ધાર્મિક મંડળીને વિક્ષેપ પહોંચાડવા બાબત

297.કબ્રસ્તાન, વગેરેમાં અપ્રવેશ કરવા બાબત

298.ધાર્મિક લાગણીઓ દુભાવવાના હેતુપૂર્વકના ઈરાદાથી શબ્દો ઉચ્ચારવા, વગેરે

પ્રકરણ – 16

માનવ શરીરને અસર કરતા ગુના

જિંદગીને અસર કરતા ગુના

299.ગુનાહિત મનુષ્યવધ

300.ખૂન

301.જે વ્યક્તિનું મુત્યુ નિપજાવવાનો ઈરાદો હોય તેનાથી જુદી વ્યક્તિનું મુત્યુ નિપજવવાથી થતો ગુનાહિત મનુષ્યવધ

302.ખૂન માટે શિક્ષા

303.આજીવન કેદના કેદીએ કરેલા ખૂનની શિક્ષા

304.ખૂન ન ગણાય એવા ગુનાહિત મનુષ્યવધ માટે શિક્ષા

ક - બેદરકારીથી મુત્યુ નિપજાવવા માટે શિક્ષા

ખ - દહેજ મુત્યુ

305.બાળક અથવા પાગલ વ્યક્તિને આપઘાત કરવાનું દુષ્પ્રેરણ

306.આપઘાતનું દુષ્પ્રેરણ

307.ખૂન કરવાની કોશિશ

308. ગુનાહિત મનુષ્યવધ કરવાની કોશિશ

309.આપઘાત કરવાની કોશિશ

310.ઠગ

311.શિક્ષા

312.ગર્ભપાત કરાવવા બાબત

313.સ્ત્રીની સંમતિ વિના ગર્ભપાત કરાવવા બાબત

314.ગર્ભપાત કરાવવાના ઈરાદાથી કરેલા મૃત્યુ નિપજાવવા બાબત.

315.બાળક જીવતું ન જન્મે અથવા જન્મ્યા પછી તે મરી જાય એમ કરવાના ઈરાદાથી કરેલું કૃત્ય

316.ગુનાહિત મનુષ્યવધ ગણાય એવા કૃત્યથી ઉદરમાં ફરકતું થયું હોય એવા અજાત બાળકનું મુત્ય નિપજાવવા બાબત

317.માતા કે પિતાએ અથા બાળકની સંભાળ રાખનારી વ્યક્તિએ બાર વર્ષથી ઓછી વયના બાળકને અરક્ષિત મુકી દેવા બાબત

318.મુતદેહનો છુપી રીતે નિકાલ કરીને જન્મ છુપાવા બાબત

વ્યથા

319.વ્યથા

320.મહાવ્યથા

321.સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત

322.સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત

323.સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષા

324.ભયંકર હથિયાર કે સાધનો વડે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત

325.સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા માટે શિક્ષા

326.ભયંકર હથિયાર અથવા સાધનો વડે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત

327.બળજબરીથી મિલકત કઢાવી લેવા કે કોઈ ગેરકાયદેસરનું કૃત્ય કરવું પડે તે માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત

328.ગુનો કારવાના ઈરાદાથી ઝેર, વગેરેથી વ્યથા કરવા બાબત

329.બળજબરીથી મિલ્કત કઢાવી લેવા કે કોઈ ગેરકાયદેસરનું કુત્ય કરવું પડે તે માટે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત

330.બળજબરીથી કબુલાત કરવા અથવા મિલ્કત પરત કરવાની ફરજ પાડવા માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત

331.બળજબરીથી કબુલાત કરવા અથવા મિલ્કત પરત કરવાની ફરજ પાડવા માટે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત

332.રાજ્ય સેવકને પોતાની ફરજ બજાવતા રોકવા માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત

333.રાજ્ય સેવકને પોતાની ફરજ બજાવતા રોકવા માટે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત

334.ઉશ્કેરાટના કારણે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત

335.ઉશ્કેરાટના કારણે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત

336.બીજાઓને જિંદગી અથવા શારીરિક સલામતીને જોખમમાં મુકે એવા કુત્ય

337.બીજાઓની જિંદગી અથવા શારીરિક સલામતીને જોખમમાં મુકે એવા કુત્યથી વ્યથા કરવા બાબત

338.બીજાઓને જિંદગી અથગવા શારીરિક સલામતીને જોખમમાં મુકે એવા કુત્યથી મહાવ્યથા કરવા બાબત

339.ગેરકાયદેસર અવરોધ

340.ગેરકાયદે અટકાયત

341.ગેરકાયદે અવરોધ માટે શિક્ષા

342.ગેરકાયદે અટકાયત માટે શિક્ષા

343.ત્રણ કે તેથી વધુ દિવસો સુધી ગેરકાયદે અટકાયત

344.દસ કે તેથી વધુ દિવસો સુધી ગેરકાયદે અટકાયત

345.જેને છોડી મુકવાની રીટ કાઢવામાં આવી હોય તે વ્યક્તિની ગેરકાયદે અટકાયત

346.ગુપ્ત સ્થાનમાં ગેરકાયદે અટકાયત

347.બળજબરીથી મિલ્કત કઢાવી લેવા અથવા ગેરકાયદેસરનું કૃત્ય કરવું પડે તે માટે ગેરકાયદેસર અટકાયત

348.બળજબરીથી કબુલાત કરાવવા અથવા મિલ્કત પરત કરવાની ફરજ પાડવા માટે ગેરકાયદે અટકાયત

ગુનાહિત બળ અને હુમલો

349.બળ

350.ગુનાહિત બળ

351.હુમલો

352.ગંભીર ઉશ્કેરાટને કારણે હોય તે સિવાય, હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બદલ શિક્ષા

353.રાજ્ય સેવકને પોતાની ફરજ બજાવતા રોકવા માટે હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત

354.કોઈ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી તેના ઉપર હુમલો કરવા અથવા ગુનાહિત બળ બપરવા બાબત

355.ગંભીર ઉશ્કેરાટને કારણે હોય તે સિવાય વ્યક્તિનું અપમાન કરવા ના ઈરાદાથી હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત

356.કોઈ વ્યક્તિ પાસે હોય તે વસ્તુની ચોરી કરવાની કોશિશ કરતા હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત

357.કોઈ વ્યક્તિને ગેરકાયદે અટકાયતમાં રાખવાની કોશિશ કરતા તેના ઉપર હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત

358.ગંભીર ઉશ્કેરાટના કારણે હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત

અપહરણ, અપનયન, ગુલામી અને વેઠ

359.અપહરણ

360.ભારતમાંથી અપહરણ

361.કાયદેસરના વાલીપણામાંથી અપહરણ

362.અપનયન

363.અપહરણ કવા માટે શિક્ષા

ક - ભીખ માંગવા માટે કોઈ સગીરનું અપહરણ કરવા અથવા તેને અપંગ બનાવવા બાબત

364.ખૂન કરવા માટે અપહરણ અથવા અપનયન કરવા બાબત

એ - મુક્તિદંડ વગેરે માટે અપહરણ

365.કોઈ વ્યક્તિને ગુપ્ત રીતે અને ગેરકાયદે અટકાયતમાં રાખવાના ઈરાદાથી અપહરણ અથવા અપનયન કરવા બાબત

366.કોઈ સ્ત્રીને લગ્ન, વગેરે કરવાની ફરજ પાડવા માટે તેનું અપહરણ કરવા, અપનયન કરવા અથવા દબાણ કરવા બાબત

ક - સગીરબાળા મેળવી આપવા બાબત

ખ - વિદેશમાંથી બાળાને આયાત કરવા બાબત

367.કોઈ વ્યક્તિને મહાવ્યથા કે ગુલામી, વગેરેનો ભાગ બનાવવા માટે તેનું અપહરણ કે અપનયન કરવા બાબત

368.અપહરણ કરેલી કે અપનયન કરેલી વ્યક્તિને ગેરકાયદે છુપાવી રાખવા કે અટકાયતમાં રાખવા બાબત

369.દસ વર્ષથી ઓછી વયના બાળકના શરીર ઉપરથી કોઈ વસ્તુની ચોરી
કરવા માટે તેનું અપહરણ કરવા બાબત

370. કોઈ વ્યક્તિને ગુલામ તરીકે ખરીદ કરવા કે તેનો નિકાલ કરવા બાબત

371.કાયમ ગુલામનો વેપાર કરવા બાબત

372.વેશ્યાવૃત્તિ વગેરેના હેતુઓ માટે સગીર વ્યક્તિઓનું વેચાણ કરવા બાબત

373.વેશ્યાવૃત્તિ વગેરેના હેતુઓ માટે સગીર ખરીદવા બાબત

374.કાયદા વિરુદ્ધ ફરજીયાત મજુરી

જાતીય ગુના

375.બળાત્કાર

376.બળાત્કાર માટે શિક્ષા

ક - વિભાજન (સેપરેશન) દરમિયાન કોઈ પુરુષે પોતાની પત્ની સાથે સંભોગ કરવા બાબત

ખ - રાજ્ય સેવકે પોતાની કસ્ટડીમાની સ્ત્રી સાથે સંયોગ કરવા બાબત

ગ - જેલ, રિમાન્ડ હોમ વગેરેના સુપ્રિટેન્ડેન્ટે સંભોગ કરવા બાબત

ઘ - કોઈ હોસ્પિટલનું સંચાલન કરતા અથવા તેના સ્ટાફના કોઈ સભ્યે તે હોસ્પિટલમાંની કોઈ સ્ત્રી સાથે સંભોગ કરવા બાબત

સૃષ્ટિક્રમ વિરુદ્ધના ગુના

377.સૃષ્ટિક્રમ વિરુદ્ધના ગુના

પ્રકરણ – 17

મિલ્કત વિરુદ્ધના ગુના

ચોરી

378.ચોરી

379.ચોરી માટે શિક્ષા

380.રહેણાંકના ઘર વગેરેમાં ચોરી કરવા બાબત

381.માલીકના કબજાની મિલ્કતની કારકુને અથવા નોકરે ચોરી કરવા બાબત

382.ચોરી કરવા માટે મુત્યુ નિપજાવવાની અથવા વ્યથા કરવાની અથવા અવરોધ કરવાની તૈયારી કરીને ચોરી કરવા બાબત

બળજબરીથી કઢાવી લેવા વિશે

383.બળજબરીથી કાઢવી લેવા બાબત

384.બળજબરીથી કાઢવી લેવા માટે શિક્ષા

385.બળજબરીથી કાઢવી લેવા માટે કોઈ વ્યક્તિને ઈજા કરવાના ભયમાં મુકવા બાબત

386.કોઈ વ્યક્તિને મુત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકીને બળજબરીથી કાઢવી લેવા બાબત

387.બળજબરીથી કાઢવી લેવા માટે કોઈ વ્યક્તિને મુત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકવા બાબત

388.મોતની અથવા આજીવન કેદ વગેરેની શિક્ષાને પાત્ર ગુનાનો આરોપ મુકવાની ધમકી આપીને બળજબરીથી કઢાવી લેવા બાબત

389.બળજબરીથી કાઢવી કેવાનો ગુનો કરવા માટે કોઈ વ્યક્તિને કોઈ ગુનાના આરોપના ભયમાં મુકવા બાબત

લૂંટ અને ધાડ

390.લૂંટ

391.ધાડ

392.લૂંટ માટે શિક્ષા

393.લૂંટ કરવાની કોશિશ

394.લૂંટ કરવામાં સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત

395.ધાડ માટે શિક્ષા

396.ખૂન સાથે ધાડ

397.મુત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની કોશિશ સાથે લૂંટ અથવા ધાડ

398.પ્રાણઘાતક હથિયાર ધારણ કરીને લૂંટ કરવાની અથવા ધાડ પાડવાની કોશિશ કરવા બાબત

399.ધાડ પાડવા માટે તૈયારી કરવા બાબત

400.ધાડપાડુની ટોળીમાં તૈયારી કરવા બાબત

401.ચોરીના ટોળીમાં સામેલ હોવા માટે શિક્ષા

402.ધાડ પાડવા બાતે એકત્રિત થવા બાબત

મિલ્કતનો ગુનાહિત દુર્વિનિયોગ

403.બદદાનતથી મિલ્કતનો દુર્વિનિયોગ કરવા બાબત

404.મુત્યુ પામેલી વ્યક્તિ પાસે તેના મુત્યુ સમયે હોય તે મિલકતનો બદદાનતથી દુર્વિનિયોગ કરવા બાબત

ગુનાહિત વિશ્વાસઘાત

405.ગુનાહિત વિશ્વાસઘાત

406.ગુનાહિત વિશ્વાસઘાત માટેની શિક્ષા

407.ભારવાહક વગેરેએ ગુનાહિત વિશ્વાસઘાત કરવા બાબત

408.કારકુન અથવા નોકરે ગુનાહિત વિશ્વાસઘાત કરવા બાબત

409.રાજ્ય સેવકે અથવા બેન્કરે, વેપારીએ અથવા એજન્ટે ગુનાહિત વિશ્વાસઘાત કરવા બાબત

ચોરીનો માલ રાખવા વિશે


410.ચોરીનો માલ

411.બદદનતાથી ચોરીનો માલ લેવા બાબત

412.ધાડ પાડીને ચોરેલો માલ બદદાનતથી લેવા બાબત

413.કાયમ ચોરીના માલનો ધંધોકરવા બાબત

414.ચોરીનો માલ છુપાવવા મદદ કરવા બાબત



ઠગાઈ

415.ઠગાઈ

416.ખોટા નામે ઠગાઈ કરવા બાબત

417.ઠગાઈ માટે શિક્ષા

418.જે વ્યક્તિનું હિત જાળવવા ગુનેગાર બંધાયેલો હોય તેને ગેરકાયદે નુકશાન થશે એવી જાણકારી સાથે ઠગાઈ કરવા બાબત

419.ખોટા નામે ઠગાઈ કરવા માટે શિક્ષા

420.ઠગાઈ કરવા અને બદદાનતથી મિલ્કત આપી દેવા માટે લલચાવવા બાબત

કટપૂર્વક કરેલા ખત અને મિલકતની વ્યવસ્થા

421.લેણદારો વચ્ચે વહેંચણી થતી અટકાવવા માટે મિલકત બદદાનત અથવા કટપૂર્વક ખસેડવા અથવા છુપાવવા બાબત

422.દેવું બદદાનતથી અથવા કટપૂર્વક લેણદારોને મળતું અટકાવવા બાબત

423.અવેજ વિશે ખોટા કથનવાળું તબદીલ ખત બદદાનતથી અથવા કપટ પૂર્વક કરી આપવા બાબત

424.મિલ્કતને બદદાનતથી અથવા કપટપૂર્વક ખસેડવા અથવા છુપાવવા બાબત

બગાડ

425.બગાડ

426.બગાડ માટે શિક્ષા

427.પચાસ રૂપિયાનું નુકશાન થાય તેવો બગાડ કરવા બાબત

428.દસ રૂપિયાની કિંમતના પશુને મારી નાખીને અથવા અપંગ કરીને કરવા નુકશાન બાબત

429.ગમે તે કિંમતના ઢોર, વગેરેને અથવા પચ્ચાસ રૂપિયાની કિંમતની કોઈ પશુને મારી નાંખીને અથવા અપંગ કરીને નુકશાન કરવા બાબત

430.સિંચાઈના કામોને નુકશાન પહોંચાડીને અથવા ગેરકાયદે પાણીવાળી લઈને બગાડ કરવા બાબત

431.જાહેર માર્ગ, પૂલ, નદી અથવા નહેરને હાનિ પહોંચાડીને નુકશાન કરવા બાબત

432.નુકશાન થાય તેવી રીતે જાહેર ગટરને ઉભરાવીને અથવા બંધ કરીને બગાડ કરવા બાબત

433.દીવાદાંડી અથવા દરિયાઈ નિશાનીનો નાશ કરીને તેને હટાવીને અથવા ઓછું ઉપયોગી બનાવીને બગાડ કરવા બાબત

434.જાહેર સત્તાધિકારીએ ખોડેલી જમીનની નિશાનીનો નાશ કરીને અથવા હટાવીને બગાડ કરવા બાબત

435.એક સો રૂપિયાનું અથવા (ખેતીની પેદાશની બાબતમાં) દશ રૂપિયાનું નુકશાન કરવાના ઈરાદાથી આગ અથવા સ્ફોટક પદાર્થથી બગાડ કરવા બાબત

436.ઘરઘ વગેરેનો નાશ કરવાના ઈરાદાથી આગ અથવા સ્ફોટક પદાર્થથી બગાડ કરવા બાબત

437.તુતકવાળા વહાણને અથવા વીસ ટન ભારવાળા વહાણનો નાશ કરવાના અથવા તેને બિનસલામત બનાવવાના ઈરાદાથી બગાડ કરવા બાબત

438.આગ અથવા સ્ફોટક પદાર્થની કરેલ કલમ – 347 માં વર્ણવેલા બગાડ માટેની શિક્ષા

439.ચોરી વગેરે કરવાના ઈરાદાથી વહાણને ઈરાદાપૂર્વક ખરાબ ઉપર અથવા કિનારા ઉપર ચડાવી દેવા બદલ શિક્ષા

440.મુત્યુ નિપજાવવાની અથવા વ્યથા કરવાની તૈયારી કર્યા પછી બગાડ કરવા બાબત

ગુનાહિત અપ-પ્રવેશ

441.ગુનાહિત અપ-પ્રવેશ

442.ગૃહ અપ-પ્રવેશ

443.ગુપ્ત ગૃહ અપ-પ્રવેશ

444.રાત્રે ગુપ્ત ગૃહ અપ-પ્રવેશ

445.ઘરફોડ

446.રાત્રે ઘરફોડ

447.ગુનાહિત અપ-પ્રવેશ માટેની શિક્ષા

448.ગૃહ અપ-પ્રવેશ બદલ શિક્ષા

449.મોતની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે ગૃહ અપ-પ્રવેશ

450.આજીવન કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે ગુપ્ત ગૃહ અપ-પ્રવેશ

451.કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે ગુપ્ત ગૃહ અપ-પ્રવેશ

452.વ્યથા, હુમલો અથવા ગેરકાયદે અવરોધ કરવાની તૈયારી કર્યા પછી ગૃહ અપ-પ્રવેશ

453.ગુપ્ત ગૃહ અપ-પ્રવેશ અથવા ઘરફોડ માટેની શિક્ષા

454.કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે ગુપ્ત ગૃહ અપ-પ્રવેશ અથવા ઘરફોડ

455.વ્યથા, હુમલો અથવા ગેરકાયદે અવરોધ કરવાની તૈયારી કર્યા પછી ગૃહ અપ-પ્રવેશ અથવા ઘરફોડ

456.રાત્રે ગુપ્ત અપ-પ્રવેશ અથવા ઘરફોડવા માટેની શિક્ષા

457.કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે રાત્રે ગુપ્ત ગૃહ અપ – પ્રવેશ કરવા અથવા ઘરફોડ

458.વ્યથા, હુમલો અથવા ગેરકાયદે અવરોધ કરવાની તૈયારી કર્યા પછી રાત્રે ગુપ્ત ગૃહ અપ – પ્રવેશ અથવા ઘરફોડ

459.ગુપ્ત ગૃહ અપ – પ્રવેશ કરતી વખતે અથવા ઘરફોડ કરતી વખતે મહાવ્યથા કરવા બાબત.

460.રાત્રે ગુપ્ત ગૃહ અપ – પ્રવેશ કરવામાં અથવા રાત્રે ઘરફોડ કરવામાં સંયુક્ત રીતે સામેલ હોય તેવી વ્યક્તિઓ પૈકી કોઈ એક વ્યક્તિએ મૃત્યુ કે મહાવ્યથા નિપજાવવાની હોય તો તે તમામ વ્યક્તિઓ શિક્ષાને પાત્ર થશે.

461.જે પાત્રમાં માલમતા હોય તેને બદદાનતથી ખોલી નાખવા બાબત.

462.જેને મિલ્કતને હવાલો સોંપવામાં આવ્યો હોય તે વ્યક્તિ આ ગુનો કરે ત્યારે તે માટેની શિક્ષા.

પ્રકરણ – 18

દસ્તાવેજો અને માલનિશાનીઓ સંબંધી ગુનો

463.ફુટલેખન

464.ખોટા દસ્તાવેજ બનાવવો.

465.ખોટો દસ્તાવેજ બનાવવાના ગુના માટે શિક્ષા.

466.કોર્ટના રેકર્ડનું ફૂટલેખન અથવા જાહેર રજીસ્ટર વગેરેનું ફૂટલેખન

467.કિંમતી જામીનગીરી, વિલ વગેરેની ખોટી બનાવટ કરવાનો ગુનો

468.ઠગાઈ કરવાના હેતુથી ખોટા દસ્તાવેજ બનાવવા બાબત.

469.પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાના હેતુથી ખોટો દસ્તાવેજ બનાવવા બાબત

470.બનાવટી (ખોટો) દસ્તાવેજ

471.બનાવટી (ખોટો) દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા બાબત.

472.કલમ – 467 હેઠળ શિક્ષાને પાત્ર ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરવાના ઈરાદાથી બનાવટી સીલ વગેરે બનાવવા અથવા કબજામાં રાખવા બાબત.

473.બીજી રીતે શિક્ષાને પાત્ર ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરવાના ઈરાદાથી બનાવટી સીલ, વગેરે બનાવવા અથવા કબજામાં રાખવા બાબત.

474.કલમ - 466 અને 467 માં વર્ણવેલા દસ્તાવેજ, તે ખોટો છે એમ જાણવા છતાં અને તેનો ખરા તરીકે ઉપયોગ કરવાના ઈરાદાથી કબજામાં રાખવા બાબત.

475.કલમ – 467 માં વર્ણવેલા દસ્તાવેજોને પ્રમાણેત કરવા માટેની વપરાતી મુદ્રા અથવા નિશાનીની ખોટી બનાવટ કરવા બાબત. અથવા બનાવટી નિશાની સામગ્રી કબજામ રાખવા બાબત.

476.કલમ 467 માં વર્ણવેલા દસ્તાવેજો સિવાયના દસ્તાવેજોને પ્રમાણિત કરવા માટે વપરાતું સાધન અથવા નિશાનીની ખોટી બનાવટ કરવા બાબત. અથવા બનાવટી નિશાનીવાળી સામગ્રી કબજામાં રાખવા બાબત.

477.વીલ, દતક લેવાનો અધિકારપત્ર અથવા કીમતી જામીનગીરી કપટપૂર્વક રદ કરવા અથવા તેનો નાશ કરવા બાબત.

477-ક. ખોટો હિસાબ બનાવવા બાબત

માલની નિશાનીઓ અને અન્ય નિશાનીઓ

478.વ્યાપાર ચિહ્ન

479.માલ નિશાનીઓ

480.ખોટા વ્યપાર ચિહ્નનો ઉપયોગ કરવા બાબત.

481.ખોટી માલ નિશાનીઓ ઉપયોગ કરવા બાબત

482.ખોટી માલ નિશાનીનો ઉપયોગ કરવા માટેની શિક્ષા.

483.બીજા વાપરતા હોય એવી નિશાનીની ખોટી બનાવટ કરવા બાબત

484.રાજ્ય સેવક વાપરતા હોય એવી નિશાનીની ખોટી બનાવટ કરવા બાબત.

485.ખોટી માલ – નિશાની બનાવવા માટેનું કોઈ સાધન બનાવવા અથવા કબજામાં રખાવા બાબત.

486.બનાવટી માલ – નિશાનીવાળો માલ વેચવા બાબત

487.માલ ભરેલા કોઈ પાત્ર ઉપર ખોટી નિશાની કરવા બાબત

488.એવી કોઈ ખોટી નિશાનીનો ઉપયોગ કરવા માટે શિક્ષા

489.નુકશાન કરવાના ઈરાદાથી માલ નિશાની સાથે ચેડા કરવા બાબત

ચલણી નોટો અને બેન્ક નોટો

489-ક.ખોટી ચલણી નોટો અથવા બેંક નોટ બનાવવા બાબત.

489-ખ.બનાવટી અથવા ખોટી ચલણી નોટો અથવા બેંક નોટોનો ખરી નોટો તરીકે ઉપયોગ કરવા બાબત.

489-ગ.બનાવટી અથવા ખોટી ચલણી નોટો અથવા બેંક નોટો કબજામાં રાખવા બાબત

489-ઘ.બનાવટી અથવા ખોટી ચલણો નોટો અથવા બેંક નોટો બનાવવા માટેના સાધન અથવા સામગ્રી બનાવવા અથવા કબજામાં રાખવા બાબત.

489-ચ.ચલણી નોટો અથવા બેંક નોટોને મળતા આવતા દસ્ત્વેજો બનાવવા અથવા તેનો ઉપયોગ કરવા બાબત

પ્રકરણ – 19

નોકરીના કારણનો ગુનાહિત ભંગ

490.સમુદ્ર યાત્રા કે મુસાફરી દરમિયાન કરાર ભંગ

491.અસહાય વ્યક્તિની સંભાળ રાખવા અથવા તેની જરૂરિયાતો પૂરી પડવાના કરારનો ભંગ

492.દૂરના સ્થળે જ્યાં સેવકને માલિકને ખર્ચે લઈ જવામાં આવ્યો હોય ત્યાં કામ કરવાનો કરાર ભંગ

પ્રકરણ – 20

લગ્ન સંબંધી ગુના

493.કોઈ પુરૂષે છેતરપીંડીથી કાયદેસર લગ્ન થયા હોવાનું માનવા પ્રેરિત પત્નિ માટે સહવાસ કરવા બાબત

494.પતિ અથવા પત્નિની હૈયાતીમાં ફરીથી લગ્ન કરવા બાબત

495.આગલા લગ્નની હકીકત જે વ્યક્તિ સાથે બીજું લગ્ન કર્યું હોય તેનાથી છુપાવીને ગુનો કરવા બાબત

496.જે વિધિથી કાયદેસર લગ્ન થયું ન ગણાય એવી લગ્ન વિધિ કપટપૂર્વક કરી લેવા બાબત.

497.વ્યભિચાર

498.પરણેલી સ્ત્રીનો ગુનાહિત ઈરાદાથી ભગાડી જવા અથવા લઇ જવા અથવા રોકી રાખવા બાબત.

પ્રકરણ – 20 – ક

પતિ અથવા પતિના સગા દ્વારા ક્રુરતા કરવા બાબત

498-ક.કોઈ સ્ત્રીના પતી અથવા પતિના સગાએ તેણી સાથે ક્રુરતા કરવા બાબત.

પ્રકરણ – 20 - ક

બદનક્ષી

499.બદનક્ષી

500.બદનક્ષી માટેની શિક્ષા

501.બદનક્ષીકારક હોવાનું જાણમા હોય તેવી બાબત છાપવા અથવા કોતરવા બાબત.

502.બદનક્ષીકારક બાબતવાળી છાપેલી અથવા કોતરેલી કોઈ વસ્તુ વેચવા બાબત.

પ્રકરણ – 21

ગુનાહિત ધમકી, અપમાન અને ત્રાસ

503.ગુનાહિત ધમકી

504.સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા

505.સાર્વજનિક નુકશાન થાય તેવા કથનો

ધર્મસ્થાન વગેરેમાં કરેલા પેટા – કલમ (2) હેઠળના ગુના

506.ગુનાહિત ધમકી માટેની શિક્ષા.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો

507.નનામા પત્રથી ગુનાહિત ધમકી

508.કોઈ વ્યક્તિને તેની ઉપર ઈશ્વરની અવકૃપા ઉતરશે એવું માનવા પ્રેરીને

509.કોઈ સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી ઉચ્ચારેલા શબ્દ કે કરેલી ચેષ્ટા અથવા કૃત્ય

510.પીધેલી વ્યક્તિનું જાહેરમાં વર્તન

પ્રકરણ – 23

511.આજીવન કેદની અથવા બીજી કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની કોશિશ કરવા માટેની શિક્ષા.

IPC ની અટારીએથી..........

1. ભારતીય ફોજદારી ધારામાં કુલ 511 કલમો છે.
2. એકાંત કેદની સજા વધુમાં વધુ 3 મહિના થઈ શકે.
3. આજીવન કેદ એટલે વ્યક્તિ મૃત્યુ ન પામે ત્યાં સુધીનો કારાવાસ.
4. સખત,સાદી અને એકાંત કેદ એમ ત્રણ પ્રકારે કેદની સજા છે.
5. સખત કેદની શિક્ષા થઈ શકે એવા જ ગુનામાં એકાંત કેદ થઈ શકે છે.
6. ગુનામાં મદદગારી 3 રીતે થઈ શકે(1) ઉશ્કેરણી દ્વારા (2) કાવતરા દ્વારા (3)મદદ દ્વારા
7. 7વર્ષથી ઓછી ઉંમરના બાળકનું કૃત્ય ગુનો નથી.
8. 12વર્ષથી નીચેનું અપરિપક્વ બાળકનું કૃત્ય ગુનો નથી.
9. ખૂનનું કૃત્ય કલમ-302 મુજબ ગુનો બને છે.
10. કલમ-307મુજબ ખુનનો પ્રયાસ કરવો એ પણ ગુનો છે.

11.જાહેર રસ્તા પર બેદરકારીથી વાહન ચલાવવું એ કલમ-279 અનુસાર ગુનો બને છે.

12.પતિ કે પતિના સગા દ્વારા સ્ત્રી પ્રત્યે ક્રુરતા કલમ-498 (એ)મુજબ ગુનો બને છે.

13.બખેડામાં ઓછામાં ઓછી બે વ્યક્તિ હોય છે.

14.ગેર કાયદેસર મંડળીમાં ઓછામાં ઓછી પાચ વ્યક્તિ હોય છે.

15.મૃત્યુ પામેલ વ્યક્તિ વિશે ખરાબ બોલવું પણ બદનક્ષી છે.

16.પાંચથી વધુ વ્યક્તિ મળતા ધાડનો ગુનો બને છે.

17.બખેડાનો ગુનો ફક્ત જાહેરમા જ થઈ શકે છે.

18.હુલ્લડનો ગુનો કોઈપણ સ્થળે બની શકે.

19.ખાધ પદાર્થમાં ભેળસેળ કરવી જાહેર સ્વાસ્થ્ય વિરુદ્ધનો ગુનો.

20.20 દિવસ સુધીની શારીરિક પીડાને મહાવ્યથા ગણવામાં આવે છે.

21.કલમ-21માં રાજ્યસેવકની વ્યાખ્યા આપવામાં આવી છે.

22.હુમલો એ વ્યક્તિના શરીર વિરુદ્ધ ગુનો બને છે.

23.મનુષ્યનયન કોઈપણ ઉમરના વ્યક્તિનું થઈ શકે છે.

24.બદનક્ષી લેખિત-મૌખિક કે ઈરાદાથી પણ થઈ શકે છે.

25.15વર્ષથી વધુની ઉમરની પત્ની સાથેનો સંભોગ બળાત્કારનો ગુનો બનતો નથી.

26.જંગમ પ્રકારની મિલકતની ચોરી થાય શકે છે.

27.ચોરી અને લૂંટના ગુનામાં ઓછામાં ઓછો 1 આરોપી હોય છે.

28.રાજ્યસેવકને કામમાં અડચણ કરવી કલમ 186 મુજબ ગુનો બને છે જે બદલ 3 માસની કેદ અથવા 500 રૂ|.દંડ.

29.એક વ્યક્તિ બીજી વ્યક્તિને આઘાતજનક સમાચાર આપે છે. અને બીજી વ્યક્તિ ભાન ગુમાવે તો વ્યથા ન કહેવાય.

30.મદદગારીમાં મદદગારી ગુનો છે.

31.વ્યભિચારના ગુનામાં સ્ત્રી દોષિત નથી.

32.કલમ ઓગણીસ(19)માં ન્યાયાધીસની વ્યાખ્યા છે.

33.ગુનાહિત વિશ્વાસઘાતમાં મિલકત સોંપવામાં આવે છે.

34.કલમ-34 મુજબ સામાન્ય ઈરાદો.

35.પાગલ વ્યક્તિએ કરેલ ગુના સામે સ્વબચાવનો અધિકાર મળે છે.

36.ફેટ મારીને દાંત તોડી નાખવો મહાવ્યથા.

37.મનુષ્યનયનમાં વયની મર્યાદા હોતી નથી.

38.મકાન સ્થાવર મિલકત ગણાય છે.

39.સ્વ બચાવના અધિકાર માટે કરેલું કૃત્ય ગુનો નથી.

40.જાહેર નોકરની ફરજમાં અડચણ કરવી ગુનો છે.

41.સજાના કુલ ચાર પ્રકાર છે.

42.IPC મુજબ સાત પ્રકારના ગુનામાં ફાંસીની સજા થઈ શકે.

43.સાત વર્ષથી નીચેની વયનું બાળક ગુનાહિત માનસ ધરાવતું નથી.એવું કલમ-82માં જણાવ્યું છે.

44.કલમ-49માં જીવન અને કલમ-46માં મૃત્યુની વ્યાખ્યા.

45.સામાન્ય અપવાદો સાબિત કરવાની જરૂર આરોપીની નથી.

46.શરીર અને મિલકત વિરુદ્ધના ગુનામાં સ્વરક્ષણનો અધિકાર છે.

47.બખેડો,હુલ્લડ અને ગેરકાયદેસર મંડળી આ બધાજ ગુના જાહેર સુલેહ શાંતિ વિરુદ્ધનો ગુનો છે.

48.દરિયા કિનારો ધરાવતા રાજ્યોમાં દરિયા કિનારાથી 12 નોટીકલ માઈલ સુધીના જળપ્રદેશમાં IPC-1860 લાગુ પડે.

49.ખોટી સાક્ષી આપવી તેના માટે PERJURYશબ્દ વપરાય છે.

50.મનુષ્યવધ માટેનો Homiside શબ્દ વપરાય છે.

51.મનુષ્યહરણ બે પ્રકારના હોય છે.

52.કોઈ વ્યક્તિ સુર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કોઈના ઘરમાં ગુપ્ત ગેરકાયદેસર ગૃહપ્રવેશ કરેતો તો ગુનો બને છે.

53.એક પત્ની કે પતિ હોવા છતાં બીજું ગેરકાયદેસર લગ્ન કરે તો ગુનો બને છે.

54.બદનક્ષીની વ્યાખ્યા કલમ 499માં આપેલ છે.

55.કોઈ વ્યક્તિને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરવું કલમ ૩૦૬ મુજબ ગુનો બને છે.

56.ભારતીય ફોજદારી અધિનિયમ 1860 જમ્મુ-કાશ્મીર રાજ્ય સિવાયનાના તમામ ભારતને લાગુ પડે છે.

57.ત્રણેય સંરક્ષણ દળોના અધિકારી અતિથી કર્મચારીઓનો સમાવેશ રાજ્યસેવકમાં થાય છે.

58.વ્યક્તિને અટકાયતમાં રાખવાની કે ધરપકડ કરવાની સત્તા ધરાવતા અધિકારીને (પોલીસ) રાજ્યસેવક કહેવાય.

59.જે વસ્તુ જમીન સાથે જોડાયેલ નથી તે જંગમ મિલકત ભારતીય દંડસંહિતા-1860 ની કલમ-22અનુસાર.

60.ખાસ કે સ્થાનિક કાયદા હેઠળ શિક્ષાપાત્ર ઠરેલું કાર્ય ગુનો કલમ-40 માં ગુનાને વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

61.ભારતના અમુક ભાગને લાગુ પડતો કાયદો સ્થાનિક કાયદો.

62.ભારતની અમુક બાબતોને લાગુ પડતો કાયદો ખાસ ખાયદો.

63.કોય વ્યક્તિના શરીરને,મનને,પ્રતિસ્થા કે મિલકતને પહોચાડેલી હાની એટલે ઇજા.

64.કાયદા વિરુદ્ધની મંડળીના સભ્યને છ માસની સજા થાય છે.

65.પાંચ અથવા પાંચથી વધારે વ્યક્તિઓ અપ્રામાણિકતાથી વર્તે ત્યારે કાયદા વિરુદ્ધની મંડળી બને છે.આવી મંડળી જયારે બળ કે હિંસાનો ઉપયોગ કરે ત્યારે હુલ્લડ કર્યું કહેવાય.(કલમ-146,147)

66.બે અથવા વધુ વ્યક્તિઓ જાહેર સ્થળમાં મારામારી કરે અને જાહેર શાંતિમાં ખલેલ પહોચાડેતો ત્યારે તેમને બખેડો કર્યો કહેવાય.(કલમ-156,160)

67.પ્રકરણ-9 ક માં ચુંટણીસબંધી ગુનાની ચર્ચા થાય છે.

68.સરકારી કર્મચારીને ફરજમાં અડચણ કરવી કલમ-186 મુજબ ગુનો બને છે.

69.ખાવા-પીવાની ભેળસેળવાળી વસ્તુ વેચવી એ IPC કલમ-273 મુજબ ગુનો છે.

70.બેદરકારીથી બાઈક/વાહન ચલાવવું IPCકલમ-279 મુજબ ગુનો છે.

71.અષ્લીલ પુસ્તકો, પત્રિકાઓ વગેરેનું વેચાણ (કલમ-292)

72.મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી શારીરિક હાની પહોચાડી હોય અને મૃત્યુ નીપજે એને ખૂન કહેવાય.(કલમ-300)

73.જે કોય વ્યક્તિ ખૂન કરે તેને મોતની અથવા આજીવન કેદની સજા થશે.(કલમ-302)

74.બેદરકારીના લીધે કોયનું મૃત્યુ નિપજાવવું (કલમ-304એ)

75.દહેજ મૃત્યુ (કલમ-304બી)

76.જેના લગ્નના સાત વર્ષ ન થયા હોય એવી સ્ત્રી દાઝવાથી કે અન્ય શારીરિક ઈજાથી મૃત્યુ પામે તથા ભૂતકાળમાં એના પર દહેજ માટે ક્રુરતા આચરવામાં આવી હોય ત્યારે તેને કલમ – 304બી હેઠળ દહેજ મૃત્યુ ગણવામાં આવશે.

77.મૃત્યુ થવાની સંભાવના હોય એવી રીતે કોર્ટ શરીતિક ઈજા પહોંચાડે તેને ખૂન કરવાની કોશિશ કહેવાય. (કલમ – 307)

78.જીવનથી ત્રાસીને આપઘાતનો પ્રયાસ કરવો એ IPC કલમ – 309 મુજબ ગુનો બને છે.

79.જો કોઈ વ્યક્તિને શારીરિક પીડા, રોગ કે તેને શારીરિક અશક્તિ જન્મે એવું કાર્ય 'વ્યથા' પહોંચાડી કહેવાય. (કલમ – 319,323)

80.મહાવ્યથા નીચેની બાબતોને કેહેવાય (કલમ – 320,325)

- પુરુષત્વનો નાશ
- આંખની જોવાની શક્તિનો નાશ
- સાંભળવાની શક્તિનો નાશ
- આવયવ કે સાંધાનો નાશ
- સાંધાની શક્તિનો નાશ
- માથું કે ચહેરાની કાયમી વિકૃતિ
- હાડકાનું કે દાંતનું ભાંગી જવું
- 20 દિવસ સુધી દવાખાનામાં દાખલ રહે તેવી હિંસા

81.સરકારી કર્મચારીને ફરજ સમય દરમ્યાન કલમ – 319 મુજબ વ્યથા કરવી ગુનો બને છે. જેના માટે ત્રણ વર્ષની સજા થાય. (કલમ – 332)

82.સરકારી કર્મચારીને ફરજ સમય દરમ્યાન કલમ – 320 મુજબ મહાવ્યથા કરનારને દસ વર્ષ સુધીની સજા થાય. (કલમ – 333)

83.ઘર સામેના રોડ પરથી નીકળવા નહીં દેવું એટલે કે ચોક્કસ દિશામાં જવા નહીં દેવું તેને અવરોધ કહેવાય. (કલમ – 339)

84.ચારે બાજુ દીવાલવાળા વરંડામાં કે ઘરમાં બંધ કરી દેવું તેને અટકાયત કહેવાય. (કલમ – 340)

85.Stalking (પીછો કરવો). સ્ત્રી પાછળ કોઈ પુરુષનો પીછો કરવો, તે સ્ત્રીના ઈ-મેઈલ, ફેસબુક કે અન્ય ઈલેક્ટ્રોનિક સંદેશા વ્યવહારના સાધનો પર દેખરેખ રાખવી. એટલે Stalking. જેનો નિર્દેષ IPC કલમ – 354 (ઘ) માં થયેલ છે.

86.અપહરણના બે પ્રકાર છે. (1) ભારતમાંથી અપહરણ (2) કાયદેસરના વાલીપણામાંથી અપહરણ.

87.સગીર એટલે 16 વર્ષથી ઓછી વયનો પુરુષ તથા 18 વર્ષથી ઓછી વયની સ્ત્રી.

88.IPC કલમ – 375માં શારીરિક ઉત્પીડના (બળાત્કાર)ની વ્યાખ્યા આપવામાં આવી છે. અને તે અંગેની સજા કલમ – 376માં છે.

89.જમીન સાથે જોડાયેલ નથી એવી જંગમ મિલકત કોઈ વ્યક્તિની સંમતિ વીના ખસેડી લેવી એટલે ચોરી. (કલમ – 378)

90.બળજબરીથી કઢાવી લેવાના કૃત્યને લૂંટ કહે છે. (કલમ – 390-392)

91.પાંચ અથવા પાંચથી વધરે વ્યક્તિઓ સાથે મળીને લૂંટ કરે તેને ધાડ કહે છે. (કલમ – 391-395)

92.વ્યક્તિને સોંપાયેલી મિલકતનો સંમતિ વીના દુરુપયોગ કરે તેને "ગુનાહિત વિશ્વાસઘાત" કહેવાય. (કલમ – 405-406)

93.કલમ – 387 મુજબ સંમતિ વિના જંગમ મિલકતની ઉઠાંતરી કરી હોય તેને ચોરી કહે છે આવો ચોરીનો માલ કોઈ રાખે તે ગુનાહિત કૃત્ય ગણાય. (કલમ – 410)

94.બીજી વ્યક્તિની મિલકત છેતરીને કપટપૂર્વક તેની સંમતિ વિના, ઈરાદાપૂર્વક, લલચાવીને તેને કે તેની મિલકતને નુકસાન કરે તો તેને ઠગાઈ કરી કહેવાય. (કલમ – 418-417)

95.બીજી વ્યક્તિને નુકસાન કરવાના ઈરાદાથી તેની કોઈ મિલકતનો નાશ કરવો તે વસ્તુને બિન ઉપયોગી બનાવવી તેને બગાડ કર્યો કહેવાય. (કલમ – 425-426)

96.ગુનાહિત માનસ સાથે વ્યક્તિના કબજાની જગ્યામાં ધમકી આપવા કે અપમાન કવાના ઈરાદાથી કરેલો પ્રવેશ ગુનાહિત "અપ-પ્રવેશ" કહેવાય. ગુનાહિત અપ-પ્રવેશ રહેણાંક કે ઘરમાં કર્યો હોય તો "ગૃહ-અપપ્રવેશ" કર્યો કહેવાય. ગૃહ-અપપ્રવેશ કરીને બહાર નીકળી જઈ માલ-મિલકત ઉઠારતી કરે ત્યારે "ઘરફોડ" કરી કહેવાય. (કલમ – 445)અને જો ઘરફોડ રાત્રીના સમય દરમિયાન થઈ હોય તો "રાત્રે ઘરફોડ" કરી કહેવાય. (કલમ – 446)

97.ખોટી માર્કશીટ, જન્મ-મરણનું પ્રમાણપત્રક, જમીન દસ્તાવેજ, ખોટી સહી કરવી અને ચેક વટાવવો તે બધી બાબતો દ્વારા ખોટો દસ્તાવેજ બનાવવો ગુનો બને છે. (કલમ – 463-465)

98.500 કે 1000 રૂ. કે અન્ય ચલણી નોટો ખોટી /નકલ બનાવવી ગુનો બને છે. (કલમ – 489-ક)

99.પરિણીત સ્ત્રી સાથેનો શારીરિક સંબંધ વ્યભિચાર ગણાય.

100.સ્ત્રીના પતિ અથવા પતિના સગા દ્વારા અપાતો ત્રાસની બાબતો પ્રકરણ – 20 – એ માં નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે. (કલમ – 498 – એ સ્ત્રીના પતિના સગા દ્વારા ત્રાસ)

101.કોઈ વ્યક્તિના આબરૂને હાનિ પહોંચાડવાના ઈરાદાથી બોલીને કે ઈશારા દ્વારા તેને નુકસાન કરવું તેને બદનક્ષી કહેવાય (કલમ -499-500) શ્લેષ કે વ્યંગોક્તિ એટલે ડબલ મિનીંગથી પણ બદનક્ષીનો ગુનો બને છે, મૃત વ્યક્તિને પણ બદનક્ષી થઇ શકે છે.

102.વ્યક્તિને કે તેના સગાને કે તેની આબરુને હાની પહોંચે તેવી ધમકી આપવી. (કલમ – 503-506)

103.દારૂ પીને જાહેર જગ્યામાં ગેરવર્તન કરવું. (કલમ – 510)

104.ગુનો કરવાની કોશિશ કરે તે પણ સજાને પાત્ર છે. (કલમ – 511)

105.પાંચ કે તેથી વધુ વ્યક્તિની બનેલી ગેરકાયદેસર મંડળી (કલમ – 141) મંડળીમાં હિંસાનો ઉમેરો થતાં હુલ્લડમાં (કલમ – 146) પરિણમે છે. એવી જ રીતે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓ મળીને લૂંટ કરે તો તેને ધાડ (કલમ - 391) કહે છે.

106.ભારતીય દંડ સંહિતા – 1860 મુજબ વ્યક્તિ શબ્દમાં ફક્ત પુરુષ કે સ્ત્રીજ જ નહીં સંસ્થા, કંપની કે વ્યક્તિઓના મંડળનો પણ સમાવેશ થાય છે. (કલમ – 11)

107.કલમ – 19માં ન્યાયાધીશની વ્યાખ્યા આપવામાં આવી છે જે અનુસાર કાયદેસરની કાર્યવાહીમાં અંતિમ ફેંસલો આપવાની કોઈ વ્યક્તિની અથવા તો બે કે તેથી વધુ વ્યક્તિના સમૂહથી બનેલ સમિતિને ન્યાયાધીશ કહી શકાય.

108.જે કોઈ વ્યક્તિ સરકાર પાસેથી મહેનતાણા પેટે વેતન કે કમિશન લેતી હોય તો તે દરેક વ્યક્તિ રાજ્યસેવક છે. જેમ કે પોલીસ, સંરક્ષણદળના સભ્યો,

ચૂંટણીપંચ, ન્યાયાલયના સભ્યો, તલાટી, શિક્ષણ વિભાગના સભ્યો વગેરેનો........ સમાવેશ રાજ્યસેવકમાં થાય છે.

109.અક્ષરો, અંકો કે નિશાનીઓ દ્વારા વર્ણવેલી બાબત જેના પર અંકિત હોય તેને દસ્તાવેજ કહી શકાય. (કલમ – 29) બેંકનો ચેક, મુખત્યારનામું દસ્તાવેજ કહી શકાય.

110.કાવતરામાં બે કે તેથી વધુ વ્યક્તિ હોવી જોઈએ.

111.IPC ની કલમ – 82 મુજબ સાત વર્ષથી નીચેની વયનું બાળક ગુનાહિત માનસ ધરાવતું નથી.

112.જાહેર સ્વાસ્થ્યને લગતા ગુનામાં ખાણી-પીણીની વસ્તુમાં ભેળસેળ, જળાશયોનું પાણી દૂષિત કરવું તથા ઔષધોમાં ભેળસેળ કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

